## જન્મદિને વધામણી


ભાગ્યેશ જહા
અધ્યક્ષ, ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર
ખાસ ફરજ પરના અધિકારી મુખ્યમંત્રી કાર્યાલય
મો. ૯૯૭૮૪ ૦૭૬૦૧


ગિરીશકુમાર ઓ રાવલ
મેનેજિંગ ટ્રસ્ટી, ઓમ એજ્યુકેશન ટ્રસ્ટ
મો. ૯૮૨૫૦ ૩૫૩૮૩


રાજ પ્રદીપકુમાર ગગલાણી
એમબીબીએસ
મો. ૯૮૨૪૨ ૮૬૧૨૧


આયેશા બ્લોચ


બહેચરભાઈ પી પ્રજાપતિ
મહામંત્રી, સહયોગ મંડળ
ઓડિટર, જય અંબે પરિવાર


ધીરુભા ઝાલા
મો. ૯૯૭૮૪ ૦૮૦૫૩


જૈવિક જે શાહ
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
મો. ૯૭૧૪૩ ૯૦૦૯૯


સોનલ રમેશભાઈ પરમાર
મો. ૮૧૪૦૪ ૮૯૨૦૪


હિમાલય પ્રકાશચંદ્ર બારોટ
મો. ૯૪૨૬૦ ૪૨૦૭૬


કિઅશ કુંજલ પટેલ
ફોન : ૨૩૨૩૪૯૯૨

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી

# માણસા કૉલેજ ખાતે લોકનાટ્યો અને ભવાઈ વિષયે પરિસંવાદ

## નિષ્ણાતોનાં વ્યાખ્યાન, સંશોધન પત્રો અને ભવાઈના બે વેશ પણ રજૂ કરવામાં આવ્યા

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના આર્થિક સહયોગથી ઍસડી આટ્ર્સ અને બી આર કૉમર્સ કૉલેજ, માણસા ખાતે 'ભારતીય લોકનાટ્ય સ્વરૂપો અને ગુજરાતી ભવાઈ' વિષયે રાષ્ટ્રીય પરિસંવાદનું તાજેતરમાં આયોજન કરવામાં આવ્યું હતું.

કૉલેજના કૅમ્પસ ડિરેક્ટર પી પી રાઓલ તથા આચાર્ય ડૉ. હાસ્યદા પંડ્યાએ ઉદ્‌ઘાટન બેઠકમાં પ્રસંગોચિત વક્તવ્યો આપ્યાં હતાં. વેસ્ટ ઝોન કલ્ચર સૅન્ટર, ઉદેપુરના ડૉ. લાઈક હુસેને બીજરૂપ વક્તવ્યમાં ભારતીય લોકનાટ્ય - તેરુકુટ્ટુ, મુડીયેટ્ટુ, મંચા, સ્વાંગ વગેરેનું સ્વરૂપ સમજાવ્યું હતું તથા ભારતીય લોકનાટ્યોનાં લક્ષણોની ચર્ચા કરી હતી. પ્રથમ બેઠકમાં પ્રા. જનક દવેએ ભવાઈના વિવિધ રાગની ચર્ચા કરી અને ભવાઈના સ્વરૂપમાં જોવા મળતા નાવિન્ય પર ભાર મૂક્યો હતો.

પ્રા. વિનાયક રાવલે ભવાઈના સ્વરૂપની વિગતે ચર્ચા કરી હતી અને પ્રા. મહેશ ચંપકલાલે જસમા ઓડણના વેશની પરંપરાથી પ્રયોગ સુધીની છણાવટ કરી હતી.

દ્વિતિય બેઠકમાં પ્રફુલ્લ ભાવસારે ભવાઈ આધારિત દસ્તાવેજી ફિલ્મ બતાવીને નર્તન-વાદનનું મહત્ત્વ સમજાવ્યું હતું. ડૉ. મદન શર્માએ ઉત્તર ભારતના લોકનાટ્ય નૌટંકી વિશે વિગતે ચર્ચા કરી હતી અને તેને ભવાઈ સાથે સ્થાપિત કરી હતી.

પરિસંવાદ અંતર્ગત સાંજે સંશોધન પત્રોનું વાચન કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ 'ગણપતિનો વેશ' તથા 'અસાઈતનો વેશ' કાળીકલા ભવાઈ મંડળ, ઊંઝાના કલાકારો દ્વારા ભજવવામાં આવ્યો હતો. ડૉ. તુષાર વ્યાસે સંયોજક તરીકે અને પ્રા. વિક્રમ જોષીએ સહસંયોજક તરીકે સમગ્ર પરિસંવાદનું સંચાલન અને ક્રિષ્નાબેન લાલાએ આભાર દર્શન કર્યું હતું.

વિભિન્ન કૉલેજના અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને સ્ટાફ પરિવારે આ કાર્યક્રમમાં સહભાગી થઈ કાર્યક્રમને માણ્યો હતો.

# નવી ગુજરાતી ફિલ્મ 'ઠન ઠન ગોપાલ'માં અભિનયનાં કામણ પાથરતી નગરની યુવતિ



ગાંધીનગર, તા. ૧૭

ગત સપ્તાહે રજૂ થયેલી ગુજરાતી ફિલ્મ ઠનઠન ગોપાલમાં ગાંધીનગર શહેરની યુવતિ શિવાની નાયક અભિનયનાં અજવાળાં પાથરી રહી છે.

ખૂબ જ નાની વયે અભિનય અને કોરિયોગ્રાફીનો બહોળો અનુભવ ધરાવતી શિવાની છેલ્લાં છ વર્ષથી અભ્યાસની સાથે-સાથે નાટકો અને ટીવી સિરિયલ્સને પોતાનો અભિનય આપી રહી હતી. હવે તેણે મોટા પડદે પદાર્પણ કર્યું છે.

ગાંધીનગરમાં કૉમ્પ્યુટર ઍન્જિનીયરિંગમાં અભ્યાસ કરતી શિવાનીએ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીમાં ૨૭ જેટલાં નાટકો ગુજરાત ઉપરાંત મુંબઈમાં ભજવ્યાં છે. દૂરદર્શન ગિરનાર ચૅનલ પર આનંદધારા, જયંતિજાગૃતિ ડૉટ કૉમ, બકુલનું બખડજંતર, ચાલો ફરીએ જેવી ગુજરાતી સિરિયલ્સમાં પણ તેણો પોતાનો અભિનય આપ્યો છે. નાટક ક્ષેત્રે મળેલા જીવ, સંપત્તિ માટે અને પ્રિય પિયુ ને પાનેતર નાટકોનાં ૩૦૦થી વધુ શો કર્યા છે.

ઠન ઠન ગોપાલ ફિલ્મ એ સપરિવાર જોઈ શકાય તેવી હળવીફૂલ ફિલ્મ છે, જેનું નિર્માણ ગુજરાતના ખ્યાત ગાયક જયકર ભોજક દ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મમાં શિવાની સાથે ડેલ્સી શાહ, રિતિકા ઝિલકા, સિતાષુ જોષી, ભાર્ગવ ત્રિવેદી અને પૃથ્વી ચાવડા ઉપરાંત બૉલવૂડના કલાકાર શરદ શુક્લ અને ગાયક મનહર ઉધાસ પણ અભિનય આપી રહ્યા છે.

### ડાયરેક્ટ ❤ સે

ભીંત ફાડીને ઊગ્યો છું
પીપળાની જેમ
હું વળી
ક્યાં કોઈના ક્યારામાં
રોપાયો હતો

## સ્મિત મ્યુઝિક દ્વારા રવિવારે ટૅલેન્ટ સિંગિંગ શો

ગાંધીનગર, તા. ૧૭

સ્મિત મ્યુઝિક દ્વારા શહેરના કલાકારો માટે ટૅલેન્ટ સિંગિંગ શોનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્મિત મ્યુઝિકનાં જ્યોતિ ગજ્જર અને ભરત ગજ્જરે આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે રૉટરી ક્લબ, કૅપિટલ ગાંધીનગરના સહયોગથી ફિલ્મી ગીતો આધારિત પરફોર્મન્સ શો આગામી રવિવાર, તા. ૧૯ ફેબ્રુઆરીના રોજ રાત્રે ૯ કલાકે ડૉ. આંબેડકર હૉલ, સૅક્ટર-૧૨ ખાતે યોજવામાં આવ્યો છે, જેમાં ઑડિશન રાઉન્ડમાં સિલેક્ટ થયેલાં શહેરનાં સિંગર્સ ભાગ લેશે.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સગર્ભાઓની તબીબી તપાસ



ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ખાતે પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્ત્વ યોજના હેઠળ કુલ ૪૯ સગર્ભ બહેનોને તપાસી યોગ્ય સારવાર આપવામાં આવી હતી. પ્રત્યેક સગર્ભાને લિઓફિનિલ તથા ઝૅનિલ ટૉનિક પણ આપવામાં આવ્યું હતું. ઈન્ડિયન રેડક્રૉસ સોસાયટીના સહયોગથી આયોજિત આ કાર્યક્રમમાં ગાયનેકોલૉજીસ્ટ ડૉ. વૈદેહી તટુ દ્વારા તબીબી સેવાઓ આપવામાં આવી હતી. સગર્ભા માતા પોતાના આવનાર બાળકની કલ્પના કરે તો બાળક તે મુજબ અવતરે છે એવા શાસ્ત્રોક્ત સૂચનને ધ્યાનમાં રાખી પ્રત્યેક સગર્ભાને બાલકૃષ્ણનો ફોટો પણ ભેટમાં આપવામાં આવ્યો હતો. આ સેવાકાર્યમાં ડૉ. અતુલભાઈ પંડ્યા, પીઍચસીનો સ્ટાફ, આશા કાર્યકર્તા તથા મિલિન્દભાઈ જોડાયા હતા.

# સફળ વિદ્યાર્થી દ્વારા વિદ્યાર્થીઓને પરીક્ષાલક્ષી ટીપ્સ



ગાંધીનગર, તા. ૧૭

અનેક વિષયો અને ડામાડોળ માનસિક પરિસ્થિતી વચ્ચે વિદ્યાર્થીઓને મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ લાયન્સ કલબ દ્વારા, સુરક્ષા સેતુ અને મહર્ષિ ફાઉન્ડેશનના સહયોગથી કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં યુવા વિદ્યાર્થી વક્તા માસ્ટર મહર્ષિ રાવલે વિદ્યાર્થીઓને વક્તવ્ય દ્વારા અસરકારક સુંદર માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કર્યા હતા અને સાથે ભણતરનું મહત્વ સમજાવતા પોતાની જાત તેમજ સમાજ પ્રત્યે જવાબદાર બનવા માટે પ્રેરણા આપી હતી. ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે અલગ અલગ બેચમાં **Excelling in Exam** સંદર્ભે માર્ગદર્શન અપાયું હતું. કાર્યક્રમની શરૂઆતમાં લાયન્સ પ્રમુખ નિમેષ રાવલ, પોલિસ ઈન્સપેક્ટર પી. સી. વાલેરા, સીસ્ટર સ્નેહાંજલી તેમજ અન્ય શાળાના શિક્ષકો દ્વારા દીપપ્રાગટ્ય કરી કાર્યક્રમનું ઉદ્‌ઘાટન થયું હતું. આ કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ શાળા સેકટર-૮ના વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થિનીઓ, પ્રેરણા વિદ્યાલય, ઈન્ફોસિટી સ્કુલ, માઉન્ટકાર્મેલ સ્કુલ તેમજ મહારાણા પ્રતાપ હિન્દી શાળાના કુલ ૮૦૦ વિદ્યાર્થીઓએ લાભ લીધો હતો. કાર્યક્રમમાં લાયન્સ જયંતિભાઈ પ્રજાપતિ, અનીલભાઈ પ્રજાપતિ, મોહનભાઈ પરમાર, શૈલેષભાઈ પટેલ, પદમસિંહ ચૌહાણ, મમતાબેન રાવલે હાજરી આપી હતી. કાર્યક્રમની સફળતા માટે લાયન્સ પ્રમુખ નિમેષ રાવલે તમામ શાળા પરિવાર, શિક્ષકો, વિદ્યાર્થીઓ તેમજ સહયોગી સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# એના કરતાં હે ઈશ્વર દે મરવાનું, ગુજરાતીનું પણ ગુજરાતી કરવાનું !

- ઍથેન્સની ગલીઓમાં વહેલી સવારે સફાઈ કામદાર પોતાનો સાવરણો લઈને નીકળી પડે એ પહેલાં સૉક્રેટિસ પોતાનો વિચારનો સાવરણો લઈને નીકળી પડે અને કોઈ મળી જાય તો એની સાથે ચર્ચા શરૂ કરે ને એની કોઈ સમસ્યા હોય તો સૂલઝાવી પણ દે.
- હું કોઈની સાથે વાત કરું છું ત્યારે મારું સંપૂર્ણ વ્યક્તિત્વ એની અંદર ગરક કરી દઉં છું.
- આપણી મજાનો મોટાભાગનો આધાર આપણે બીજા પર થોપી બેસાડતાં હોઈએ છીએ, પરંતુ આપણી મજા માટે આપણું ઈન્વોલ્વમેન્ટ પણ એટલું જ જરૂરી છે.
- દરેક વ્યક્તિને પોતાનું આભામંડળ હોય છે અને દરેક આભામંડળનાં વાઈબ્રેશન્સ હોય છે, જે સામેની વ્યક્તિને સ્પર્શે છે.
- જે જમાનામાં દુનિયાનાં દેશો પાસે પોતાનું એક પુસ્તક પણ નહોતું એ જમાનામાં ભારત પાસે પોતાના ચાર-ચાર ગ્રંથો હતા. આ દેશની સંસ્કૃતિ એટલી પુરાતન અને મહાન છે.
- દેશ પર ઘણાં આક્રમણો થયાં ને એમાં દેશે ઘણું ખોયું છે, ઘણું સાહિત્ય પણ ખોયું છે. પરંતુ આભાર જૈન મુનિઓનો જેમણે આ સાહિત્યને છુપાવીને સાચવી રાખ્યું ને એ પુરાતન સાહિત્યનો લાભ આજે દેશ ને દુનિયાને મળી રહ્યો છે.
- સંશોધનો જણાવે છે કે ગુજરાતી બહુ મોટી અને સમૃદ્ધ ભાષા છે અને દુનિયાની સૌથી વધુ ભાષાના શબ્દો ન માત્ર ગુજરાતીમાં સમાયા છે પરંતુ અવિભાજ્ય રીતે સંકળાઈ પણ ગયા છે.
- અમુક લોકોની દોસ્તી ખોટ ખાઈને પણ કરવી જોઈએ અને અમુક લોકોથી ખોટ ખાઈને પણ છૂટી જવું જોઈએ.
- યુવાવર્ગ પર સહવાસની બહુ મોટી અસર પડે છે, આસપાસના વાતાવરણની બહુ મોટી અસર પડે છે.
- યુવાન વિદ્યાર્થીઓની એ જવાબદારી છે કે એમણે પોતાના ક્ષેત્રને એક ડગલું આગળ લઈ જવાનું છે.
- શબ્દની ત્રણ શક્તિ હોય છે : અભિધા, વ્યંજના અને લક્ષણા.
- કૌતુક એ ન માત્ર બાળકની પ્રગતિ માટે પરંતુ દરેક વ્યક્તિની પ્રગતિ માટે અગત્યની બાબત છે.
- બાળક સાથે જ માતાનો અને પિતાનો પણ જન્મ થાય છે. બાળક જેમ-જેમ મોટું થાય છે તેમ-તેમ માતા અને પિતા પણ મોટાં થતાં જાય છે.
- સામાન્ય માણસને ઘેર દીકરો જન્મે તો 'છોકરો જન્મ્યો' એમ કહેવાય પરંતુ અમીરને ઘેર દીકરો જન્મે તો 'વારસ જન્મ્યો' એમ કહેવાય !
- પુસ્તક વ્યક્તિના જીવન માટે ખૂબ ઉપયોગી છે. ક્યારેક કોઈ ધાર પર ઊભા હશો ત્યારે પુસ્તક જ તમને બચાવશે. આવા ઘણા કિસ્સા જાહેર થયેલા છે.
- દુશ્મન કો ભી ગલે લગાના નહીં ભૂલે, હમ અપને બુઝુર્ગો કા ઝમાના નહીં ભૂલે.



## અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજમાં વાચન પર્વ-૨૦૧૭ના બીજા દિવસે રાજ્યના ખ્યાત કવિ, નાટ્યલેખક, સાહિત્યકાર અને વક્તા હરદ્વાર ગોસ્વામીના વ્યાખ્યાનનું આયોજન કરાયું

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજમાં વાચન પર્વ-૨૦૧૭ના બીજા દિવસે રાજ્યના ખ્યાત કવિ, નાટ્યલેખક, સાહિત્યકાર અને વક્તા હરદ્વાર ગોસ્વામીના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનો લાભ વાચન પર્વમાં જોડાયેલા સઘળા વિદ્યાર્થીઓએ લીધો હતો.

પ્રેમભક્તિ લક્ષણાના પ્રથમ કવિ નરસિંહ મહેતાથી શરૂ કરીને મનુભાઈ પંચોળી, મીરાંબાઈ, નર્મદ, ગોવર્ધનરામ ત્રિપાઠી, ગાંધીજી, સુરેશ જોષી મનોજ ખંડેરિયા, રમેશ પારેખ ને કૃષ્ણ દવે સુધીનાં નામોનો ઉલ્લેખ કરીને એમણે સાહિત્ય, સંસ્કૃતિ અને ભાષાના વૈભવનો એવો તો જાદુ પાથર્યો કે વિદ્યાર્થીઓ એના વહેણમાં ખુદ-બ-ખુદ વહેતા થઈ ગયા હતા.

વાચનના મહત્ત્વને ઉજાગર કરતાં એમણે જણાવ્યું હતું કે જ્ઞાન ઈન્ટરનેટથી પણ મળે છે અને ટૅલીવિઝનથી પણ મળે છે અને વાચનથી પણ મળે છે. ફરક એટલો છે કે વાચનથી જ્ઞાન પ્રાપ્ત કરતી વખતે તમે વચ્ચેથી અટકો છો અને લેખકની વાત જ્યાંથી અટકી છે ત્યાંથી તમે




તમારું કલ્પન આગળ વધારી શકો છો, તમે એ ઘટના કે પ્રસંગને તમારા વિચારો પ્રમાણે, તમારી દિશામાં આગળ વધારી શકો છો, લેખકના વિચાર સાથે અનુસંધાન સાધી શકો છો.

વ્યાખ્યાન બાદ વિદ્યાર્થીઓએ એમને ખુલીને પ્રશ્નો પણ પૂછ્યા હતા, જેના જવાબો બહુ સ્વાભાવિકતાથી એમણે પાઠવ્યા હતા. એક વિદ્યાર્થીનીએ એમને એમની કવિતા સંભળાવવાની ફરમાઈશ પણ કરી હતી જે હરદ્વાર ગોસ્વામીએ ખુશી-ખુશી પૂર્ણ કરી હતી. કાર્યક્રમના આરંભે સ્વાગત પ્રવચન ગ્રંથપાલ શ્રદ્ધા વૈદ્ય દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઍમકૉમની વિદ્યાર્થીની અંજલિ પટેલ દ્વારા અને આભાર દર્શન મનિષા દ્વારા કરવામાં આવ્યું હતું.

એક યુવાન લવારા કરતો-કરતો ડૉક્ટર પાસે ગયો ને કહ્યું, મને કંઈક થઈ ગયું છે. પ્લીઝ ચૅક-અપ કરી આપો કે મને શું થયું છે.
એની હૃદયની ધોરી નસમાં ગુલાબની તાજી પાંખડીઓ ભેરવાઈ ગઈ હતી
શ્વાસનળીમાં પારેવડાનો ટહુકો ફસાઈ ગયો હતો
આંસુ ગુલાબી થઈ ગયાં હતાં
લોહીના લાલ અને સફેદ કણો
મરુન અને આસમાની કણો સાથે મસ્તી કરી રહ્યા હતા
કલેજાને અડીને થોડાં વાદળો બેઠાં હતાં
અને સૂકાં હાડકાં પર ઝાકળનું મખમલી આવરણ ચોંટી ગયું હતું
સ્વરપેટી પર કોઈના નામના સોજા ચડી ગયા હતા
ડૉક્ટરસાહેબે તપાસીને કહ્યું કે... આને ઝેરી વૅલેન્ટાઇન થયો છે.

●●●

એક વાર એક બાળક પુસ્તક વાંચી રહ્યું હતું, પુસ્તકનું નામ હતું 'બાળઉછેરના કિમીયા.' એના પિતાએ જોયું ને ખુશ થયા કે બાળક પોતાની જિંદગીનું બહુ આગોતરું આયોજન કરે છે. એમણે ખુશ થઈને બાળકને પૂછ્યું, તું અત્યારથી કેમ આ પુસ્તક વાંચે છે ? ભવિષ્યમાં તારાં બાળકનો ઉછેર સારી રીતે કરી શકાય એ માટે ?' ત્યારે બાળકે જવા આપ્યો, 'ના હું તો એ જાણવા આ પુસ્તક વાંચું છું કે તમે મારો ઉછેર બરાબર રીતે કરો છો કે નહીં !'

●●●

પત્નીનો જન્મદિવસ કાયમ યાદ રાખવો હોય તો સરળ રસ્તો છે. માત્ર એકવાર ભૂલી જવાનો !

●●●

સોચ મેં ડૂબા હુઆ હું મૈં, યે નદી કૈસે પાર કિ જાય
જબ કિસી સે દોસ્તી કિ જાય, દુશ્મનોં કી ભી રાય લિ જાય
બોતલેં ખોલકર તો રોજ પી હૈ, આજ દિલ ખોલકર પી જાય

●●●

બનાયા હૈ મૈંને યે ઘર ધીરે ધીરે, ખુલે મેરે ખ્વાબોં કે પર ધીરે ધીરે
કિસી કો ગિરાયા ન ખુદ કો ઉછાલા, કટા જિંદગી કા સફર ધીરે ધીરે
જહાં આપ પહુંચે છલાંગે લગાકર, વહાં મૈં ભી પહુંચા મગર ધીરે ધીરે
પહાડોં કી કોઈ ચુનૌતી નહીં થી, ઊઠાતા ગયા યું હી સર ધીરે ધીરે

- રામદરશ મિશ્ર

●●●

એના કરતાં હે ઈશ્વર દે મરવાનું, ગુજરાતીનું પણ ગુજરાતી કરવાનું
એ જ પામશે પાન નવાં ને નવી હવા, જેણે શીખ્યું દોસ્ત, સમયસર ખરવાનું
મોજું આવ્યું માથે ત્યારે સમજાયું, પુસ્તક વાંચી શીખાશે નહીં તરવાનું
બટન ટાંકવાનો લાગે છે વેંત નથી, તો જ બને ખુલ્લી છાતીએ ફરવાનું
ઈશ્વરથી પણ મોટો હો તો કહી દે તું, શરૂ આજથી તને સલામો ભરવાનું

- હરદ્વાર ગોસ્વામી